ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૨ ટકા

# મોદી સરકારના ચાર વર્ષનાં લેખાં-જોખાં



ગાંધીનગર, તા.૨૫

કેન્દ્રમાં કાર્યરત એનડીએ સરકારના કાર્યકાળના આજે ૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે અને પાંચમા વર્ષમાં પ્રવેશ થઈ રહ્યો છે. કેન્દ્ર સરકારની સામે હાલ રોજગાર, મોંઘવારી, સુરક્ષા, જાતિવાદ, ભ્રષ્ટાચાર સહીતના અનેક સળગતા મુદ્દાનો નાગરિકો સામનો કરી રહ્યા છે. સામાન્ય જનતા અને નાગરિકો વર્તમાન દેશની પરિસ્થિતિ સામે હેરાન પરેશાન બન્યા છે ત્યારે સરકારની કામગીરી અને નીતિને લઈ ગાંધીનગર શહેરના કેટલાક નાગરિકોએ પોતાની પ્રતિક્રિયા-વિચારો રજૂ કર્યા છે.



● કેન્દ્રની સરકારે છેલ્લા ચાર વર્ષમાં નાગરિકો પર મોંઘવારીના કોડા જ ઝીંકયા છે. સામાન્ય પ્રજા એક સરળ જીંદગી જીવવા તરસી રહી છે. મોંઘવારી અને ભાવવધારો કાબુમાં લાવી અચ્છે દિન પાછા લાવે તેની રાહમાં મીટ માંડી છે.

**- પંકજ વાઘેલા, નાગરિક**



● મોદી સરકારે ચાર વર્ષમાં ઘણી મહત્વપૂર્ણ યોજનાઓની શરુઆત કરી છે પરંતુ તે યોજનાઓ જનતા સુધી પહોંચાડવામાં તંત્ર નિષ્ફળ નિવડયું છે. નોટબંધી સમયે પોતાના રૂપિયા હોવા છતાં હેરાનગતિનો સામનો કરવો પડયો હતો.

**- મકબુલ અંસારી, યુવક**



● વિકાસના નામે વૃક્ષોનું નિકંદન કરી રહી છે આ સરકાર. વૃક્ષોના નિકંદનને પગલે સમગ્ર ભારતભરમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યા ગંભીર બની છે. દેશમાં જાતિવાદનું વાતાવરણ દેશ માટે નુકશાનકારક છે. બેરોજગારીએ શિક્ષિત યુવાનને નોકરી માટે લાચાર બનાવી દીધો છે.

**- અમિત ગૌંડ, પર્યાવરણ પ્રેમી**



● કેન્દ્ર સરકારે કરેલા તમામ દાવાઓ હાલ પોકળ સાબિત થઈ રહ્યા છે. નાગરિકોને મોંઘવારીની મારે બેહાલ કરી નાંખ્યા છે. સરકાર વાતો કરવાનું અને ભાષણ આપવાનું બંધ કરી દેશના નાગરિકોના હિતમાં કામગીરી કરે તો સારું છે.

**- અંકિત સોલંકી, નાગરિક**



● વર્તમાન કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલ જીએસટીનો કાયદો વેપારીઓ માટે થોડો ગૂંચવણ ભર્યો છે. લાંબા ગાળે તેનો ફાયદો થશે. પેટ્રોલ-ડિઝલના ભાવો અંકુશમાં લાવવાની જરુર છે. ગુજરાત અને કેન્દ્રમાં ભાજપની સરકાર છે તો મોંઘવારી કાબુમાં આવે તો સામાન્ય પ્રજાને ફાયદો થાય.

**- નિરવ લોથ, વેપારી**



● કેન્દ્ર સરકારે મોંઘવારી અને ભ્રષ્ટાચારમાં માઝા મુકી છે. સરકારે સામાન્ય નાગરિકોની આર્થિક રીતે કમર તોડી નાંખી છે. સરકાર માત્ર ઉદ્યોગપતિઓની જ ચિંતા કરે છે. કેન્દ્રની સરકાર માત્રને માત્ર સરમુખત્યાર શાહી કરી સત્તાનો વારંવાર દુર ઉપયોગ કરી રહી છે.

**- દુર્ગેશ ગઢવી, યુવક**



● કેન્દ્ર સરકારના ચાર વર્ષના શાસનમાં જીએસટીથી વેપારી વર્ગને મોટો ફાયદો કરી આપ્યો છે. અગાઉ ઓઈલ ક્ષેત્રમાં સીએસટી અને વેટ મળી ૩૧ ટકા ટેકસ હતો જે ઘટીને હાલ જીએસટી ૧૮ ટકા થઈ ગયો છે ફાયદો સીધો વેપારીને થઈ રહ્યો છે.

**- સંકેત શાહ, ઓઈલ વેપારી**



● કેન્દ્ર સરકારના ચાર વર્ષના શાસન માત્રમાં વિકાસના નામે લોકોની આંખોમાં ધૂળ જ નાંખી છે. ગરીબો અને મધ્યમ વર્ગને લૂંટી પોતાના ખિસ્સા જ ભર્યા છે. નાગરિકો એક સારી જીંદગી જીવવા માટે લાચાર બની ગયા છે.

**- કુણાલ સુતરીયા, વિદ્યાર્થી**

● કેન્દ્ર સરાકરના શાસનમાં જીએસટીથી વેપારીઓને ફાયદો થયો છે પણ મુશ્કેલી પણ પડી છે. સરકારે અતિ જરૂરીયાતની વસ્તુ પેટ્રોલ-ડિઝલ પર નિયંત્રણ લાદવાની જરૂર છે. અમે તો ઈચ્છીએ છીએ સરકાર ફરી આવે.

**- સંજય ચૌધરી, હોટલ વેપારી**



● ભારતમાં એનડીએની સરકારે ખૂબ સારી કામગીરી કરી છે. જીએસટીથી કોઈ જ મુશ્કેલી નથી થઈ સરકારના અનેક નિતિગત નિર્ણય લાંબે સમયે ફાયદારૂપ છે. મોદી સરકાર લાંબા ગાળે ફાયદાકારક હોઈ સરકારને ફરી એક તક આપવી જોઈએ.

**- હર્ષિલ પટેલ, વેપારી**

# ચેઈન સ્નેચર્સ પકડવા પોલીસે કરેલી મોકડ્રીલ સફળ

**સાંજે કંટ્રોલમાં મેસેજ કર્યો કે ઘ-૬ થી દોરો તોડી બાઈક પર આવેલા બે શખ્સો ભાગ્યા : વાયરલેસ પર મળેલા મેસેજથી સતર્ક થઈ ગયેલી પોલીસે વર્ણન આધારે ચ-૦થી બંનેને દબોચી લીધા**

ગાંધીનગર, તા.૨૫

પાટનગરમાં તરખાટ મચાવી દેનાર ચેઈન સ્નેચર્સને પકડવા માટેની સ્કીમ બનાવી આ તત્વને કેવી રીતે આંતરી લેવા તે બાબતે પોલીસને યોગ્ય તાલીમ આપી જરુરી સુચનો આપવામાં આવ્યા છે. પોલીસની સુસજજતા ચકાસવા માટે ગઈ કાલે એલસીબી દ્વારા મોકડ્રીલ ગોઠવવામાં આવી હતી. ચેઈન સ્નેચીંગ થયાનો કંટ્રોલમાં મેસેજ પાસ કરી પોલીસના જ બે માણસો ખાનગી બાઈકમાં ભગાડવામાં આવ્યા હતા. તેમના વર્ણન પણ આપવામાં આવ્યા હતા જે આધારે ચ-૦ સર્કલ નજીકથી બંનેને પકડી પાડી પોલીસે મોકડ્રીલ સફળ બનાવી હતી.

## ખરેખર ચેઈન સ્નેચીંગ થયું ત્યારે કોઈ ના પકડાયું...!

ગાંધીનગર પોલીસે મોકડ્રીલ ગોઠવીન ગઈકાલે જ પોલીસની સુસજજતા ચકાસવાનો પ્રયત્ન કર્યો હતો અને ચેઈન સ્નેચીંગનો બનાવટી બનાવ ઉભો કરી પોલીસ દોડાવી હતી તેમાં પોલીસે ચ-૦ પાસેથી બંનેને પકડી મોકડ્રીલ સફળ બનાવી હતી. પરંતુ આજે બીજે જ દિવસે બપોરે ઘ-૦ સર્કલ નજીકથી ચેઈન સ્નેચીંગ થવા પામ્યું હતું. બાઈક પર ડબલ સવારી આવેલા શખ્સોએ સોનાનો દોરો ખેંચ્યો હોવાની ઘટના બની હતી પરંતુ આ ખરેખર ચેઈન સ્નેચીંગ થયું ત્યારે કોઈ ના પકડાયું..! જો કે આ બાબત નિર્દેશ કરે છે કે જો ઘટના બન્યાની ગણતરીની મીનીટમાં પોલીસ કંટ્રોલમાં જાણ કરવામાં આવે તો કદાચ આરોપીને પકડવામાં સરળતા થઈ શકે છે અને આરોપી પકડાઈ જવાની શકયતા પણ વધી જાય છે. મોટા ભાગના કિસ્સાઓમાં પોલીસને જાણ કરવામાં થતી વિલંબને કારણે આરોપીઓ શહેર બહાર સરકી જાય છે. ઘટના બન્યા બાદ ટોળું ભેગું થઈ જાય અને ભોગ બનનાર સાથે ઘટનાની ચર્ચા શરુ કરવામાં આવે તે પહેલા પોલીસ કંટ્રોલમાં મેસેજ આપી દેવામાં આવે તો શહેરને કોર્ડન કરી આરોપી શહેર બહાર નીકળે તે પહેલા દબોચી લેવાય તે શકયતા છે.

શહેરના ઘ-૬ સર્કલેથી બાઈક પર આવેલા બે શખ્સો સોનાનો દોરો લુંટીને ભાગ્યા છે તેવો મેસેજ કંટ્રોલમાં પાસ થયો હતો. તેની સાથો સાથ બાઈકનો નંબર અને દોરો લુંટીને ભાગેલા બે શખ્સોના કપડાનું વર્ણન પણ વાયરલેસ ઉપર આપવામાં આવ્યું હતું. પોલીસની સુસજ્જતા તપાસવા ગાંધીનગર એલસીબી દ્વારા જ આ મોકડ્રીલ ગોઠવવામાં આવી હતી. એલસીબીના જ બે માણસોને બાઈક ઉપર દોડાવ્યા હતા. શહેરના તમામ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ તથા નાકા પોઈન્ટ ઉપર પોલીસ ગોઠવાઈ ગઈ હતી અને વર્ણન આધારે તમામ વાહન પર વૉચ શરુ કરી દીધી હતી. દરમિયાન ચ-૦ પાસે નાકા પોઈન્ટ પરથી પોલીસે ઉપરોકત વર્ણન વાળી બંને વ્યકિતને બાઈક સાથે દબોચી લીધા હતા. જો કે ત્યાર બાદ આરોપી પકડનાર પોલીસને ખબર પડી હતી કે તે તો પોલીસ કર્મચારી જ છે અને આ મોકડ્રીલ હતી. ગઈ સાંજે ગોઠવવામાં આવેલી આ મોકડ્રીલ સફળ રહી હતી.

# સોમવારે મધ્યાહન ભોજનના કર્મચારીઓના છાવણી ખાતે ધરણા

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સરકારની મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓ જેમ કે સંચાલક, રસોઈયા તેમજ મદદનીશો છેલ્લા ત્રણ દાયકાથી સામાન્ય વેતન આપી કામ કરી રહ્યા છે. મધ્યાહન ભોજનના કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી લઘુતમ વેતન માટે આંદોલન કરી રહ્યા છે તેમ છતા સરકારના કાને આ કર્મચારીઓની વાત સંભળાતી નથી. ત્યારે ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા આગામી તા. ૨૮ ને સોમવારના રોજ સવારે ૧૦ કલાકે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજાશે.

ગુજરાતભરમાં મધ્યાહન ભોજન યોજના કર્મચારી હેઠળ હજ્જારો કર્મચારીઓ છેલ્લા ૩૪ વર્ષથી ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓમાં સંચાલકને માસિક ભાડું રૂ.૧૬૦૦, રસોઈયાને રૂ. ૧૪૦૦, તેમજ મદદનીશને રૂ. ૧૦૦૦ વેતન મળે છે. ત્યારે સામાન્ય વેતનમાં આટલી કારમી મોંઘવારીમાં કુટુંબનું ભરણ પોષણ કરવું અમારા માટે કઠીન છે. જયારે છેલ્લા ૨૭ વર્ષથી કર્મચારીઓનું શોષણ થઈ રહ્યું છે. કર્મચારીઓનું પગાર ધોરણ-લઘુતમ વેતન કાયમી કરવું, એન.જી.ઓ. દાખલ નહીં કરવી અને જિલ્લાઓમાં એનજીઓ દાખલ કરી છે તે રદ કરી છુટ્ટા થયેલા કર્મચારીઓને પોતાના મુળ કેન્દ્ર પર પુનઃ નિમણુંક આપવી, મધ્યાહન ભોજન યોજનામાં નવા મેનું તેમજ અલાયદી નાસ્તો આપવાનો જીઆર કર્યો છે રદ કરવો. સહિતની પડતર માંગણીઓ છે જેનો અમલ કરવા માટે લેખિત તેમજ મૌખિક રજુઆતો તંત્ર સમક્ષ કરવામાં આવી છે. તેમ છતા આ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓનો નિવેડો આવ્યો નથી. ત્યારે આગામી તા. ૨૮ ના રોજ મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૦ કલાકે એક દિવસીય ધરણાનો કાર્યક્રમ યોજ્યો છે. જેમાં રાજયભરમાંથી આ યોજનાના કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.

# જમીન વિકાસ નિગમ કેસમાં આરોપી આસીસ્ટન્ટ ડાયરેકટરની ધરપકડ

**એસીબીએ ટ્રેપ ગોઠવીને નિગમના એમ.ડી. સહિત પાંચ અધિકારી પાસે ૫૬ લાખ રોકડ પકડી : આસી. ડાયરેકટર મનહર દેસાઈ પાસેથી ૯ લાખ રોકડ મળી હતી**

ગાંધીનગર, તા.૨૫

દોઢ મહિના પહેલા સેકટર-૧૦ સ્થિત જમીન વિકાસ નિગમમાં એસીબીની ટીમોએ દરોડો પાડી નિગમના મેનેજીંગ ડાયરેકટર, જોઈન્ટ ડાયરેકટર, આસી. ડાયરેકટર સહિત પાંચને રૂ. ૫૬ લાખ કેશ સાથે પકડયા હતા. બિનહિસાબી આ રૂપિયા લાંચના સાબિત થતા તબક્કાવાર આરોપીઓ સામે ગુના નોંધી એસીબીએ ધરપકડ શરુ કરી છે. આ પ્રકરણમાં આસી. ડાયરેકટર મનહર દેસાઈ પાસેથી રૂ. ૯ લાખ રોકડા મળી આવ્યા હતા. આ શખ્સની આજે એસીબીની ટીમે ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

એસીબીની ટીમોએ દોઢ મહિના પહેલા જમીન વિકાસ નિગમ લીમીટેડમાં દરોડો પાડી મેનેજીંગ ડાયરેકટર કે.એસ. દેત્રોજા પાસેથી રૂ. ૧,૨૮,૫૦૦ રોકડ તથા સોનાની બુટ્ટીનું બોકસ, જોઈન્ટ ડાયરેકટર કે.સી. પરમાર પાસેથી રૂ. ૪૦,૫૨,૦૦૦ રોકડ, આસી. ડાયરેકટર મનહર ખેંગારભાઈ દેસાઈ (એમ.કે. દેસાઈ) પાસેથી રૂ. ૯ લાખ રોકડ સહીત પાંચ અધિકારી-કર્મચારીઓ પાસેથી રૂ. ૫૬ લાખથી વધુની રોકડ પકડી પાડી હતી. એક દિવસની ફરજ દરમિયાન કાયદેસરની આવકના સ્ત્રોત સિવાયના ભ્રષ્ટાચાર કરી આ અધધધ રૂપિયા મેળવ્યા હોવાનું ફલીત થતા એસીબીએ તમામ સામે ગુના દાખલ કર્યા હતા. આ પ્રકરણમાં આસી. ડાયરેકટર એમ.કે. દેસાઈની ધરપકડ કરી લઈ અમદાવાદ શહેર એસીબી પી.આઈ. એન.એન. જાદવે વધુ તપાસ આરંભી છે.



સેક્ટર-૫-એ ખાતે પંચમુખી મહાદેવના મંદિરે પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે પુજા યોજાઈ હતી. જેમાં સેક્ટરની શ્રધ્ધાળુ મહિલાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# વાવોલમાંથી વાહનચોરો સરકારી સુમો લઈ ગયા ને બાઈક મુકી ગયા..!

**મેરીટાઈમ બોર્ડની સરકારી સુમો ચોરી અંગે ફરિયાદ સુમો લઈને ચોરો પુન્દ્રાસણ રોડ તરફ ભાગ્યા**

ગાંધીનગર, તા.૨૫

વાવોલના અંકુર એપાર્ટમેન્ટમાં રહેતા શૈલેષભાઈ પટેલ મેરીટાઈમ બોર્ડમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. તેમના ઘર આંગણેથી ૨૨ તારીખે રાત્રે સરકારી સુમો કોઈ વાહનચોરો ઉઠાવી ગયા હતા. અઢી લાખની કિંમતની સુમોની ચોરી અંગે સે-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આજે નોંધાવા પામી છે. પીએસઆઈ ડી.ડી. ઝાલાએ ઘટનાની તપાસ શરુ કરતા સીસીટીવી ફુટેજમાં જાણવા મળ્યું છે કે સુમો ચોરો સુમો લઈને પુન્દ્રાસણ રોડ તરફ ગયા હતા. બીજી તરફ જયાંથી સુમો ચોરાઈ ત્યાંથી એક બિનવારસી શંકાસ્પદ સ્પ્લેન્ડર બાઈક મળી આવ્યું છે. આ બાઈક વાહનચોરો કયાંકથી ઉઠાવીને લાવ્યા હોવાની શંકા આધારે પોલીસે સ્પ્લેન્ડર કબ્જે લઈ વધુ તપાસ તે દિશામાં પણ આરંભી છે.


# ચરેડીમાં ગાડીમાંથી એકટીવામાં દારૂ ભરાતો હતો ને પોલીસ ત્રાટકી

**એલસીબીની ટીમે દરોડો પાડી એકટીવા અને ગાડી સહિત રૂ.૧.૦૭ લાખના મુદ્દામાલ સાથે એકને પકડયો : અન્ય સાગરીતો અંધારામાં ફરાર**

ગાંધીનગર, તા.૨૫

શહેરને અડીને આવેલા ચરેડી છાપરા પાસે રાત્રે એક







ગાડીમાંથી એકટીવામાં વિદેશી દારૂ ભરાઈ રહ્યો હતો. બાતમી આધારે એલસીબીની ટીમ આજ સમયે ત્યાં ત્રાટકી હતી અને પોલીસને જોઈ સુત્રધારો અંધારામાં ભાગ્યા હતા. પોલીસના હાથમાં એક શખ્સ આવી ગયો હતો. ગાડી અને એકટીવા તપાસતા ૩૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવતા રૂ. ૧.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીએ પકડાયેલા શખ્સની ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ ડી.ડી. રહેવર, હે.કો. કિરીટભાઈ, કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ, ભવાનસિંહ અને રાજેન્દ્રસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન કોન્સ્ટેબલ ભવાનસિંહને મળેલી બાતમી આધારે રાત્રે સે-૨૮ ચરેડી છાપરામાં દરોડો પાડયો હતો. ગાડીમાંથી એકટીવાની ડેકીમાં વિદેશી દારૂ ભરાઈ રહ્યો હતો ત્યારે જ દરોડો પાડી એલસીબીની ટીમે ચરેડી છાપરાના શોએબ શેરખાન પઠાણ નામના શખ્સને પકડી પાડયો હતો. જયારે અન્ય સાગરીતો પોલીસને જોઈને અંધારામાં ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. એલસીબીની ટીમે જીજે ૬ ઈ.કયુ. ૨૭૯૫ નંબરની ફોર્ડ આઈકોન ગાડી તથા જીજે ૧ એ.એમ. ૯૧૧૮ નંબરનું એકટીવા તથા વિદેશી દારૂની સ્કોચ સહિતની ૩૬ બોટલ મળી કુલ રૂ. ૧,૦૭,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. જયારે ભાગી ગયેલા શખ્સો સુધી પહોંચવા અને માલ કયાંથી લાવ્યા અને કયાં લઈ જતા હતા તે સહિત આ ગુનામાં કોની કોની સંડોવણી છે? તેની ઉંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

# મિલ્કત વેચાણમાં દસ્તાવેજ સહિતના ભાવનો નવો ટ્રેન્ડ

**મુખ્યત્વે વેચાણ લેનાર જ દસ્તાવેજ સહિતનો ખર્ચ ભોગવતો હોય છે : નવા ટ્રેન્ડ મુજબ બિલ્ડરો હવે મકાન લેનારને દસ્તાવેજ ખર્ચ સહિતનો જ ભાવ કહે છે**

ગાંધીનગર, તા.૨૫

મકાન બાંધકામ ક્ષેત્રે આવેલ ફેરફારોથી ગ્રાહકને સીધો ફાયદો મળે તેવું સરકારનું આયોજન રહ્યું છે. જેમાં રેરા સહિત જીએસટી જેવા વિવિધ ફેરફારો મુજબ બિલ્ડર લોબીએ પણ મકાન લેનાર માટે અનોખો નવો ટ્રેન્ડ ઉભો કર્યો છે. જેમાં મકાન લેનારનો દસ્તાવેજ સહિતનો ભાવ કહેવામાં આવે છે. હાલ રિયાલ્ટી ક્ષેત્રે તેજીનો સંચાર થયો છે જેમાં ગાંધીનગર, અમદાવાદ અને અન્ય શહેરોમાં માર્ચ ૨૦૧૮ પછી મકાનના ભાવોમાં ધરખમ વધારો થયો છે. સાથે મકાન લેનારને દસ્તાવેજ કે અન્ય ખર્ચ અલગથી આપવાનો ન રહેતા મોટી ઝંઝટમાંથી મુકિત મળી હોય તેવો આશાવાદ ઉભો થયો છે.

નવા નાણાંકીય વર્ષથી મકાન લેનારને જીએસટીના માળખામાં આવરી લેવાયા છે જેથી મકાન લેનારને મકાનમાં ઉંચી કિંમત ચુકવવી પડી રહી છે. વધુમાં મકાન લેનારની સુરક્ષામાં વધારો કરતો નવા કાયદો રેરા પણ અમલી બન્યો છે. આમ કાયદામાં સુધારા-વધારા કરી તેનો સીધો ફાયદો ગ્રાહકોને થાય તેવો આશય સરકારનો રહ્યો છે ત્યારે હાલ રિયાલ્ટી ક્ષેત્રે આવેલ તેજીમાં બિલ્ડર વર્ગે નવો ટ્રેન્ડ અપનાવીને મકાનની કિંમત તમામ ખર્ચ સાથેની કરી નાંખી છે જેથી દસ્તાવેજ સહિત અન્ય ખર્ચ ગ્રાહકના શીરે ન રહેતા બિલ્ડર તમામ પ્રક્રિયા પુર્ણ કરી મકાન લેનારને મકાન સોંપી દેશે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

જો કે બિલ્ડર વર્ગે આ તમામ ગણતરીઓ કરીને ભાવ પણ વધારી દેતાં છેવટે ખર્ચ તો ગ્રાહકે જ ભોગવવો પડે છે પરંતુ ઝંઝટમાંથી મુકિતનો અહેસાસ જરૂર થાય છે. વધુમાં સરકારે પણ મકાન ન ધરાવનાર નાગરીકને નક્કી કરેલ સબસીડી પણ જાહેર કરેલ છે જેથી હાલ મધ્યમવર્ગ બેંકોમાંથી લોન મેળવી પોતાનું ઘર થાય તેવા પ્રયત્નોમાં જોતરાયો છે જેમાં બિલ્ડરના આ નવા ટ્રેન્ડથી ગ્રાહકો પણ આકર્ષાઈ રહ્યા છે અને મકાન ખરીદનારાઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

## રાંધેજામાં સત્સંગ મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર પાસેના રાંધેજા ગામે માંડવી ચોકમાં પવિત્ર પુરુષોત્તમ માસમાં ત્રિ દિવસીય સત્સંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૫મી મેથી તા.૨૭મી મે ૨૦૧૮ સુધી આ સત્સંગ યોજાશે. જેમાં કથાકાર સંજયભારતી ગોસ્વામીજી કથાનું રસપાન કરાવશે.

પવિત્ર પુરુષોત્તમ માસમાં માઈ મંડળ-રાંધેજા દ્વારા તા. ૨૫ થી ૨૭ મે ૨૦૧૮ દરમિયાન સત્સંગ મહોત્સવ થઈ રહ્યો છે. દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે રાંધેજાના માંડવી ચોકમાં આ ધાર્મિક મહોત્સવ યોજાશે. આ કથા સત્સંગનો લાભ લેવા ગ્રામજનો અને નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. રેવાબેન કચરાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. સોનાબા સવાઈસિંહ રાઠોડ, ઉ.વ. ૫૫
- સ્વ. કાન્તીલાલ દેવશંકર રાવલ, ઉ.વ. ૭૫